ગુજરાતમિત્ર

# ગતિવિધિ

## વડોદરા આંત્રપ્રેન્યોરિયલ ફોરમે એચઆર ઇન આઇટી વિષયે ચર્ચા કરી



વડોદરા : ડાયવર્સિટી, ઈક્વાલિટી અને ઈન્ક્લુઝનના ચુસ્ત હિમાયતી એવા જયની કોઠારીએ જણાવ્યું હતું કે, પંદર વર્ષથી આઈટી ફિલ્ડ સાથે સંકળાયેલી છું અને આ ફિલ્ડમાં આવતા દરેક પડકારોને પાર કરીને કર્મચારીઓ અને કંપની બંનેનો ગ્રોથ કરવાનો સતત પ્રયત્ન કર્યો છે જેમા સફળતા પણ સાંપડી છે. હાલમાં આઈટી ફિલ્ડ સાથે સંકળાયેલી કંપનીમાં ડાયરેક્ટર ઓફ એચઆરની જવાબદારી નિભાવી રહી છું ત્યારે અદ્યતન હાયરિંગ ટૂલ્સનો ઉપયોગ કરીને ઉચ્ચ પ્રદર્શન કરનારા કર્મચારીઓને પ્રોત્સાહન આપી કર્મચારીઓમાં નવીન ઉર્જાનો સંચાર કરું છું. આ સાથે કંપની માટે વૈશ્વિક સ્તરે ઈન્ટર્ન્સની ભરતી કરીને વૈવિધ્યસભર વર્કફોર્સ બનાવવાની વ્યૂહરચનાઓનું સફળતાપૂર્વક અમલીકરણ કરવું પણ એચઆરનું મુખ્ય કાર્ય છે તે દરેક એચઆરે સમજવું જોઈએ. એચઆરની મુખ્ય ભૂમિકા કર્મચારી અને કંપની બંને વચ્ચેનો સેતુ બનીને બંનેને કોઈ પણ સમસ્યાનો સામનો ના કરવો પડે તેવું વાતાવરણ કંપનીમાં સ્થપાય તે જોવાનું પણ છે. આ સાથે કંપનીમાં એક જ વય જૂથના લોકો નહીં રાખી પ્રત્યેક વયજૂથના લોકો અને દરેક કલ્ચરના લોકોનો સમાવેશ કરીને કંપનીના એચઆરે સર્વસમાવેશકતાનું ઉત્તમ ઉદાહરણ પણ પૂરુ પાડવું જોઈએ. આમ કરવાથી કંપનીનું વાતારણ કર્મચારીઓ માટે સૂમેળભર્યું રહેશે અને તેનાથી પ્રોડક્ટીવિટીમાં પણ વધારો નજરે પડશે તે માનવું જ રહ્યું.

## માંડવી મોરબી ટંકારા મેમણ જમાતખાનામાં 3 જમાત દ્વારા 1 થી 12 વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ



વડોદરા : આજરોજ માંડવી મોરબી ટંકારા મેમન જમાત ખાના માં 3 જમાત તરફ થી જેમાં મોરબી ટંકારા મેમન જમાત અમરેલી મેમન જમાત હાલાઈ મેમન જમાત તરફથી ધોરણ 1 થી 12 સુથી ના વિદ્યાર્થીઓ માટે ઈનામ વિતરણ નું આયોજન કરવામાં આવ્યું હતું. મેમન સમાજ આગળ વધે એ હેતુ થી વિદ્યાર્થીઓને ઈનામ તેમજ ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું જેમાં મેમન સમાજ ના લોકોએ ઉત્સાહભેર ભાગ લઈને બધાને પ્રોત્સાહિત કર્યા હતા જેમાં મોરબી ટંકારા મેમન જમાત ના પ્રમુખ સલીમભાઈ ચંપલવાલા ઈકબાલભાઈ બાવા આઈડી તેમજ સમાજના આગેવાનો એ ભાગ લીધેલું ફારૂક ભાઈ સોની દ્વારા આ કાર્ય ને બિરદાવ્યું હતું

## સક્ષમ પ્રોજેક્ટ અંતર્ગત ટેક્સો ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા બે દિવસનો સમર કેમ્પ યોજાયો



વડોદરા : ટેક્સો ગ્લોબલ ફાઉન્ડેશન દ્વારા હાલોલ ખાતે સક્ષમ પ્રોજેક્ટ અંતર્ગત બે દિવસનો સમર કેમ્પ યોજાયો હતો. જેમાં 32 બાળકો અને 10 શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો. કેમ્પમાં બાળકો માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના દ્વારા તેમના મનોરંજન અને શિક્ષણ બંનેમાં વિકાસ થયો હતો. કેમ્પ દરમિયાન બાળકોને રોડ સેફ્ટી અને 'ગુડ ટચ-બેડ ટચ' વિષય પર સૂત્રો અપાયા હતા. સત્રોનો ઉદ્દેશ્ય બાળકોમાં સુરક્ષા જાગૃતિ અને સ્વસ્થ જીવનમૂલ્યોના વિકાસનો હતો. કેમ્પ દરમિયાન શિક્ષકો તેમજ બાળકોના માતા-પિતા જોડે પેરેન્ટિંગ ઉપર પણ સત્રો અપાયા જેથી બાળકનો વિકાસ થાય. કેમ્પના અંતમાં તમામ ભાગીદારોને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા. જેનાથી તેમની સિદ્ધિઓને માન્યતા મળી હતી. ટેક્સો ગ્લોબલ ફાઉન્ડેશને બાળકો તેમજ શિક્ષકો દ્વારા અલગ ઓળખ અને સંસ્થાના તમામ સક્રિય પ્રોજેક્ટ્સ પર પ્રશંસા મળી હતી.

## 51000 થી વધુ વિદ્યાર્થીઓને ફ્રી પુસ્તક વિતરણનો શુભારંભ



વડોદરા : વિશ્વમાં સૌ પ્રથમવાર 51000 થી વધુ વિદ્યાર્થીઓને ફ્રી પુસ્તક વિતરણ તેમજ વડોદરા માં પહલી વાર ૨૫૦ થી વધુ બાળકો ને પુસ્તક વિતરણ કરવામાં આવ્યું હતું. સેવક એજ્યુકેશન અને ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા 10 વર્ષ થી સેવાકીય પ્રવૃતિઓ જેવી કે પુસ્તક કીટ વિતરણ જેમાં પાઠય પુસ્તક, નોટબુક, સ્ટેશનરી, સ્કૂલબેગ, પાણી ની બોટલ, લંચ બોક્સ, જેવી વિદ્યાર્થીઓને પ્રાથમિક ભણતર માં ઉપયોગી વસ્તુઓનું દર વર્ષે વિતરણ,વિધવા સહાય, વૃદ્ધો ને ટિફિન સહાય તદઉપરાંત કુદરતી આફતોમાં વિવિધ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ કરી રહીયું છે. જેના જેના અંતર્ગત આજરોજ તા.08/6/24 થી 11મુ પુસ્તક કીટ વિતરણનો શુભારંભ કરવામાં આવ્યો હતો જેના ઉદ્ઘાટન સહીતના મહાનુભાવોની હાજરી માં કોર્પોરેટર ભારતીબેન ભદ્રેશા, ડૉ હસમુખભાઈ પટેલ, રતીલાલી પરમાર અને સંસ્થા ના શહેર પ્રમુખ ખુશ્બુ સૈની દ્વારા દીપ પ્રાગટય વિધિ કરી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.

### મેયરની ગેરહાજરીમાં પાલિકાની સામાન્ય સભા લાંબા સમય બાદ મળી

## ભાજપના કાઉન્સિલરનો ગોત્રી યશ કોમ્પ્લેક્સ પાસે બનેલા સર્કલને સન સીટી સર્કલ નામ આપી દેવા મુદ્દે વિરોધ

**સભાની** શરૂઆતે વિપક્ષની હરણી બોટકાંડ મુદ્દે ધારદાર રજૂઆત

( પ્રતિનિધિ ) વડોદરા તા.10

વડોદરા મહાનગર પાલિકાની વિવિધ કારણોસર છેલ્લા ઘણા લાંબા સમયથી મુલતવી રહેતી સામાન્ય સભા મળી હતી. જોકે આ સભા મેયરની ગેરહાજરીને કારણે ડેપ્યુટી મેયરની અધ્યક્ષતામાં મળી હતી. આ સભામાં વિપક્ષે હરણી બોટકાંડ મુદ્દે રજૂઆત કરી હતી. તો બીજી તરફ ભાજપના જ કોર્પોરેટરે શાળા સંચાલકો સામે કાર્યવાહીની માંગ કરી હતી. વોર્ડ નંબર નવના કાઉન્સિલરે ગોત્રી યશ કોમ્પ્લેક્સ પાસે બનેલા સર્કલને સનસીટી સર્કલ નામ આપી દેવા મુદ્દે વિરોધ દર્શાવ્યો હતો. છેલ્લા પાંચ મહિનાથી કોઈ કારણોસર વડોદરા મહાનગર પાલિકા ની મુલતવી રહેતી સામાન્ય સભા સોમવારે મળી હતી. જેમાં મેયરની ગેરહાજરી જોવા મળી હતી. ડેપ્યુટી મેયરની અને મ્યુનિસિપલ કમિશનરની ઉપસ્થિતિમાં આ સામાન્ય સભા મળી હતી. સભામાં શરૂઆતથી જ હરણી બોટ કાંડનો મુદ્દો ઉછળ્યો હતો.

રાજકોટ અગ્નિકાંડ બાદ સરકારે પ્રથમ દિવસથી જ કડક કાર્યવાહીના આદેશ આપ્યા હતા અને કામગીરી પણ તે પ્રમાણે જ થઈ હતી. જે રીતે અધિકારીઓને પણ બક્ષવામાં નથી આવ્યા અને તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. તો પછી વડોદરામાં 14 નિર્દોષોનો ભોગ લેવાયો તો પછી તે મામલે કડક કાર્યવાહી થવી જોઈએ તેમ પ્રથમ દિવસથી જ વિપક્ષે એક સુર વ્યક્ત કર્યો છે. જે આજે પણ યથાવત રહ્યો હતો. પાલિકામાં કોંગ્રેસના સિનિયર કાઉન્સિલર ચંદ્રકાંત શ્રીવાસ્તવ, જહા દેસાઈ, વિપક્ષી નેતા અમીબેન રાવત, પુષ્પાબેન વાઘેલા સહિત કાઉન્સિલરે હરણી બોટકાંડ મુદ્દે ધારદાર રજૂઆત કરી હતી અને અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી પણ કરી હતી.હરણી બોટકાંડની ઘટના બની ત્યારબાદ જે સભા મળી હતી. ત્યારથી જ ભારતીય જનતા પાર્ટીના જ કાઉન્સિલર આશિષ જોષી અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે. તેમણે સભામાં પણ ફરીથી શાળા સંચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરી હતી. બીજી તરફ સામાન્ય સભામાં વોર્ડ નંબર નવના ભાજપના કોર્પોરેટર શ્રીરંગ આયરે તેમના વિસ્તારના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી અને ગોત્રી યશ કોમ્પ્લેક્સ પાસે બનેલા સર્કલને સનસીટી સર્કલ નામ આપી દેવા મુદ્દે વિરોધ દર્શાવ્યો હતો. જેમાં વોર્ડ 9 અને 10 ના તમામ કોર્પોરેટરો એ તેમને આ વાત સામે સહકાર આપ્યો હતો. આ સ્થળે પૂર્વ કોર્પોરેટર રાજેશ આયરેએ પારેશ્વર મહાદેવ સર્કલ નામ આપવાની ભલામણ પણ કરી હતી. તેના પર વિચારવા તેમને તંત્રને ધ્યાન પણ દોર્યું હતું. વડોદરામાં ઝાંસી કી રાણી સર્કલ, મહારાણા પ્રતાપ સર્કલ જેવા સર્કલ હોવા જોઈએ, ન કોઈ બિલ્ડર ના નામના સર્કલ હોવા જોઈએ તેમ તેમણે ઉમેર્યું હતું. તેમની આ વાતને સભાના ફ્લોર પર સિનિયર કોર્પોરેટર નીતિન ડોંગા સહિત સાથી કોર્પોરેટરોએ ટેકો જાહેર કર્યો હતો. આ ઉપરાંત તેઓએ તેમના વિસ્તારમાં લક્ષ્મીપુરા ખાતે ટાંકી બનાવવાની માંગ અંગે તંત્રનું ફરી એક વખત ધ્યાન દોર્યું હતું અને વહેલી તકે આ માટે જમીન શોધાઈ જાય તે માટે સૂચન પણ કર્યા હતા. સાથે વિસ્તારમાં વિકાસના કામ અમીન પાર્ટી પ્લોટ પાસે શાક માર્કેટ ખસાડવાના તેમજ પ્રીમોન્સૂન માટે ખાસ બેઠક બોલાવવાના કામની પણ પ્રશંસા કરી અને અભિનંદન પણ આપ્યા હતા.

### વડોદરા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા

## શહેર-જિલ્લાની અદાલતોમાં ૨૨ જૂને નેશનલ લોક અદાલત યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા,10

વડોદરા શહેર તેમજ તાલુકા કોર્ટોમાં ફોજદારી સમાધાન લાયક ગુનાના કેસો, નેગો. એકટ ૧૩૮ના કેસો, ફકત નાણાની વસુલાતના કેસો, મજુર તકરારના કેસો, ઈલેકટ્રીસીટી એન્ડ વોટર બીલ્સ (નોન કંપાઉન્ડેબલ કેસોને બાદ કરતા), લગ્ન વિષયક તકરારનાં (છુટાછેડા સિવાયના) કેસો, જમીન સંપાદનન રેફરન્સના કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃતિના લાભોને લગતા કેસો, મહેસુલ કેસો, અન્ય દીવાની કેસો (ભાડા તકરાર, સુખાધિકાર, મનાઈ હુકમનાં, વિશિષ્ટ પાલનના દાવા), વગેરે કેસોનો નિકાલ કરવામાં આવશે.વધુમાં સીસીટીવી કંટ્રોલરૂમ વડોદરા દ્વારા ટ્રાફિક નિયમોનો ભંગ કરતા હોય તેવા વાહન ચાલકોને મોટર વ્હિકલ એકટ મુજબ ઈ-ચલણ આપવામાં આવે છે. આ ઈ-ચલણ www.vadodaraechallan.co.in પર ઓનલાઈન તથા ઓફલાઈન માધ્યમથી પોલીસ ભવન આસાન કેન્દ્ર, નાયબ પોલિસ કમિશનરની કચેરી, કારેલીબાગ, વડોદરા ખાતે ભરી શકાશે. આ ઉપરાંત તા. ૨૨.૦૬.૨૦૨૪ ના રોજ જિલ્લા ન્યાયાલય રૂમ નં-બી-૩૫, દિવાળીપુરા ન્યુ કોર્ટ બિલ્ડીંગ,વડોદરા ખાતે ભરી શકાશે.

આ લોક અદાલતનો લાભ લઈ બાકી ઈ-ચલણની ચુકવણી કરી દેવાથી ભવિષ્યમાં તે અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી થશે નહી,તો તેનો પણ નાગરિકો લાભ લઈ શકે છે. નેશનલ લોક અદાલતમાં કેસોનો નિકાલ થવાથી બંને પક્ષકારોના હિતમાં કેસના નિર્ણયો થશે. જેથી કોઈ પક્ષકાર પોતાનો કેસ લોક અદાલતમાં મુકવા માંગતા હોય તો તેઓએ અદાલતનો અથવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,વડોદરાનો તથા જે તે તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવની યાદીમાં જણાવાયું છે.

### શેરબજારમાં દેવું વધતા યુવક જિંદગીથી થાકીને નદીમાં છલાંગ મારી!

## ભરૂચની નર્મદા નદીમાં છલાંગ લગાવતા જ માછીમારોએ બચાવી લીધો

યુવકને સારવાર અર્થે સિવિલમાં દાખલ કરાયો



(પ્રતિનિધિ) ભરૂચ,તા,10

ઓરિસ્સાના એક યુવક શેર માર્કેટમાં પાયપાલ થઈ ગયા બાદ રહેવા ઘર અને ખાવામાં માટે પૈસા પણ નહીં હોય નર્મદા નદીમાં મોતની છલાંગ લગાવી હતી. જોકે નજીક ઉભેલા નાવિકોએ તાત્કાલિક દોડી આવી યુવકનો જીવ બચાવી સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડયો હતો. ઓરિસ્સાથી ત્રણ વર્ષ પહેલાં ગુજરાતમાં રોજગારીની તલાશમાં આવેલો યુવક દેબેન્દ્રકુમાર પાન્ડા (ઉ.વ-૨૬) ભરૂચના એક વિસ્તારમાં મકાન ભાડે રાખીને દહેજની એક કંપનીમાં નોકરી કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો.પરંતુ તેણે રાતોરાત કરોડપતિ બનવાના સ્વપ્ના જોઈને શેર બજારમાં સટ્ટામાં ટ્રેડિંગની શરૂઆત કરી હતી.પરંતુ તેની આ આદતે તેને પાયમાલ બનાવી દેતાં તેના માથે લાખો રૂપિયાણા દેવાદાર બની ગયો હતો.જેને લીધે તે નિરાધાર બન્યો હતો.જેથી કંટાળી સોમવારે તેણે ભરૂચની નર્મદા નદીમાં મોતની છલાંગ લગાવી હતી.

જોકે આ સમયે સેવાભાવી ધર્મેશભાઈ સોલંકી નર્મદા કિનારે હોવાથી આ ઘટનાથી વાકેફ થઈ ગયા હતા.જેને લઈને યુવકે જ્યાં છલાંગ લગાવી એ નજીકના માછીમારોએ નાવડી લઈને તેની પાસે પહોંચી નદીમાંથી ખેંચી બહાર કાઢી ૧-૮ માટે સારવાર અર્થે મોકલી આપી તેનો જીવ બચાવ્યો હતો. આ મામલે અંકલેશ્વર પોલીસે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં પહોંચી યુવકના જવાબ લેતા એવો ઘટસ્ફોટ કર્યો હતો. કે,શેર માર્કેટની આદતના કારણે તેના પરીવારજનોએ પણ તેને ઘરમાંથી કાઢી મુક્યો હતો. જેથી ગુજરાત આવી અહીંયા નોકરી કરી એક મકાનમાં પીજી તરીકે રહેતો હતો.પરંતું શેર બજારની આદતે તેને નિરાધાર બનાવી દીધો છે.આ યુવક શેર બજારમાં લાખો રૂપિયા હારી ગયો છે કંપનીનો રૂ.૩૨ હજાર પગાર પણ ઉઠાવી શેર બજારમાં લગાવતા તે પણ હારી ગયો હતો.જેના કારણે મકાન અને કંપની છોડી અંકલેશ્વરમાં આવેલી બીજી કંપનીમાં નોકરી પર હાજર થવાનો હતો. પરતું તેની પાસે ત્યાં જવા માટે ભાડું નહિ હોવાથી આખરે લાગી આવતા નર્મદા નદીમાં કુંદવા પહોંચ્યો હતો.પરંતુ માછીમારોએ તેને બચાવી લીધો હતો.

## ભરૂચના ભાજપના મુખ્ય કાર્યાલયમાં આગ લાગતા દોડધામ મચી

(પ્રતિનિધિ) ભરૂચ,તા,10

ભરૂચના કસક વિસ્તારમાં આવેલ જિલ્લા ભાજપના કાર્યાલયમાં અચાનક આગ ફાટી નીકળતા દોડધામ મચી જવા પામી હતી. ફાયર ફાઈટરોએ ગણતરીના સમયમા આગ પર કાબુ મેળવ્યો હતો. દેશમાં લોકસભાની ચૂંટણીનો માહોલ હવે શાંત થયો છે, ત્યારે ભરૂચમાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકર્તાઓ દોડતા થઈ ગયા હતા. ભરૂચના કસક વિસ્તારમાં જિલ્લા ભાજપનુ મુખ્ય કાર્યાલય આવેલું છે. આ કાર્યાલયમાં આજે સવારના સમયે અચાનક જ આગ ફાટી નીકળી હતી. જેના પગલે ધુમાડાના ગોટેગોટા નજરે પડ્યા હતા. બનાવની જાણ કરવામાં આવતા જ ભરૂચ નગર સેવાસદનના ફાયર ફાઈટરો ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગ પર કાબુ મેળવ્યો હતો. આગના આ બનાવમાં કાર્યાલયમાં રહેલ તમામ સામાન બળીને ખાક થઈ ગયો હતો. પ્રાથમિક તબક્કે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

### 10 એકર જમીનમાં કબજો જમાવતા લોકોને પાઠ ભણાવ્યો

## હાલોલના કણજરીમાં ગૌચરની જમીનમાં 97 જેટલા દબાણો હટાવાયા

(પ્રતિનિધિ) હાલોલ,તા,10

હાલોલ તાલુકાના કણજરી ગ્રામ પંચાયતમાં આવેલ રેવન્યુ સર્વે નંબર 1595/1 અને 1595/3 ગૌચરની જમીન આવેલ છે જે જમીનમાં કેટલાક લોકોએ પોતાની માલિકીની જમીનો બતાવી અને જમીનો ઉપર પોતાનો કબજો જમાવી બહારના વેપારીઓને તે જમીનો લાખો રૂપિયાની કિંમતના ભાવે વેચાણ આપેલ હતી.

જે જમીનો લેનાર કેટલાક લોકોએ આ તમામ 10 એકર ઉપરાંતની ગૌચરની જમીનમાં કાચા પાકા મકાનો સહિતનું બાંધકામ કરી સરકારી જમીન પર દબાણ કરી ગેરકાયદેસર વસવાટ કરતા હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું જ્યારે આ 10 એકર ઉપરાંતની ગૌચરની જમીનમાં 97 જેટલા ગેરકાયદેસર બાંધકામોની નકલની આકારણીઓના આધારે જીઈબીમાં આકારણીઓ રજૂ કરી વીજ કનેક્શન પણ મેળવવામાં આવ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું જેને અનુલક્ષીને દબાણ કરનાર વ્યક્તિઓને લાગતા વળગતા વહીવટી તંત્ર દ્વારા ગત દિવસોમાં નોટિસો પાઠવવામાં આવી હતી જે બાદ પણ આ લોકોએ ગૌચરની જમીનમાંથી પોતાના દબાણો ન હટાવતા આજે સોમવારે હાલોલ તાલુકા વિકાસ અધિકારી, હાલોલ મામલતદાર હાલોલના પોલીસ ઈન્સ્પેકટર સહિતના અધિકારીઓની અધ્યક્ષતામાં હાલોલ તાલુકા પંચાયતની રેવન્યુ વિભાગની ટીમ 97 જેટલા દબાણોનો સફાયો કરવા માટે પોલીસ ટીમ સાથે કણજરી ગ્રામ પંચાયતમાં આવેલી આ ગૌચરની જમીનમાં ત્રાટકી હતી અને જે લોકોએ ગૌચરની જમીનમાં ગેરકાયદેસર કબજો કરી કાચા પાકા મકાનો અને અન્ય બાંધકામો કર્યા હતા તે તમામ બાંધકામો સોમવારે સવારે 9:00 વાગ્યાથી લઈ સાંજે 7:00 વાગ્યા સુધીમાં હટાવી લેવાની કામગીરી તંત્ર દ્વારા કરવામાં આવી હતી અને આ તમામ ગેરકાયદેસર 97 જેટલા બાંધકામો પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતુ.

## સંજેલી તાલુકામા ICDS વિભાગમાં કથીત ભ્રષ્ટાચારમાં ન્યાયિક તપાસની માંગ

(પ્રતિનિધિ) દાહોદ,તા,10

સંજેલી તાલુકાની 137 આંગણવાડી કેન્દ્ર આવેલા છે જેમાં 0થી6 માસના બાળકો 6થી3 અને 3 થી 6 વર્ષ 14થી18 ની કિશોરીઓ સાથે સગર્ભા ધાત્રી માતાઓની 13000 ઉપરાંત લાભાર્થીઓની સંખ્યા આવેલી છે.જેમાં સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓ કાર્યરત મૂકવામાં આવી છે.જેમાં આઈસીડીએસ વિભાગમાં થયેલ કથીત ભ્રષ્ટાચારને લઈ તપાસ કરવા રજૂઆત કરાઈ. છેલ્લા છ સાત મહિનાથી પોષણ સુધા યોજનાના બીલો ચૂકવવામાં આવ્યા નથી જ્યારે સરકારશ્રી નો પરિપત્રને પણ ગોળીને પી જતા હોય તેમ જોવાઈ રહ્યું છે.પોષણ સુધા યોજનામાં એડવાન્સમાં બિલો નાખવા છતાં પરિપત્રને પણ ઘોળીને પી જતાં હોય તેમ આઈસીડીએસ વિભાગના સીડીપીઓ. તેમજ પોષણ સુધા યોજનામાં વાસણોની ખરીદી માટે 4,27,400 સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવ્યા હતા જેમાં સંજેલી તાલુકા ની 137 આંગણવાડી કેન્દ્રદિત 3100 વર્કરો બહેનના ખાતામાં નાખવામાં આવ્યા પરંતુ આઈસીડીએસ વિભાગ દ્વારા તાત્કાલિક મીટીંગ યોજી ખરીધી ઉપરથી કરવાની છે તેમ કહી બધી બહેનો પાસેથી 3100 ના લેખે નાખેલા પૈસા ઉઘરાવીને આઈસીડીએસ વિભાગ દ્વારા ખરીદી કરવામાં આવી. કેન્દ્રદિઠ 3100ની ખરીદી કરવાને બદલે ફક્ત 700 થી 800 રૂપિયાની જ ખરીદી કેમ કરવામાં આવી? બાકીના પૈસા કોણ ચાવ કરી ગયુ? કેટલા રૂપિયાનો માલ ખરીદી કરી બિલ સહિતની તપાસ માટે આમ આદમી પાર્ટી દ્વારા સંજેલી તાલુકામાં રજૂઆત કરવામાં આવી છે.

## ભીમપુરા ત્રણ રસ્તાથી સિંધરોટ ચાર રસ્તા સુધી વાહન વ્યવહાર માટે પ્રતિબંધિત

(પ્રતિનિધિ) વડોદરા,તા,10

વડોદરા જિલ્લામાં ગોત્રી-સેવાસી-સિંધરોટ રોડ પર થીન વ્હાઈટ ટોપીંગ દ્વારા રોડના નવીનીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેથી સદર રસ્તા પર ભીમપુરા ત્રણ રસ્તાથી સિંધરોટ ચાર રસ્તા સુધીનો રોડ તા. ૨૯/૦૯/૨૦૨૪ સુધી વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે.

આ અંગે કલેક્ટર બીજલ શાહે જાહેરનામું પ્રસિદ્ધ કરીને પ્રતિબંધિત રસ્તાના વૈકલ્પિક રસ્તા તરીકે નીચે મુજબનો ડાયવર્ઝનવાળો રસ્તો ઉપયોગમાં લેવા આદેશ કર્યો છે. (૧) વડોદરાથી આણંદ, અનગઢ, કોટણા જવા માટે ભીમપુરા ગામથી શેરખી જવાના રસ્તાનો ઉપયોગ કરી શકાશે. (૨) આણંદ, અનગઢ, કોટણાથી વડોદરા જવા માટે સિંધરોટ ચાર રસ્તા કોયલી તરફ વળી શેરખી જવાના રસ્તાનો ઉપયોગ કરી શકાશે. (૩) સિંધરોટ ગામના સ્થાનિક વ્યક્તિઓ માટે ગામમાં જવા તથા આવવા માટે કામગીરી દરમિયાન એન્ટ્રી તથા એક્ઝીટ પોઈન્ટ છોડવામાં આવશે. આમ આ રસ્તા પરથી રોજિંદા અથવા કામ અર્થે પસાર થતા વાહનચાલકોને ધ્યાને આવે અને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરી વાહનવ્યવહાર અને કલેકટરના જાહેરનામાના આદેશનુ પાલન કરે તે યોગ્ય છે અને જો આ જાહેરનામાના કોઇ ભંગ કરશે તો તેની સામે દંડનીય પગલા અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવુ પણ જાહેરનામામા જણાવવામાં આવ્યુ છે.


HDFC BANK | એચડીએફસી બેન્ક લિમિટેડ | પઝેશન નોટિસ

બ્રાન્ચ : એચડીએફસી બેન્ક લિમિટેડ, ટ્રાયડેન્ટ, રેસકોર્સ, વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૦૭૯-૬૪૮૦૭૯૯૯

**એચડીએફસી બેન્ક લિમિટેડ**ના (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૯૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

| અનુ. નં. | બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ | તારીખના રોજ બાકી લેણાં* રૂ. | ડિમાન્ડ નોટિસ તારીખ | પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક | સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) |
| ૧ | શ્રી ભરત ભરવાડ (બોરોઅર) શ્રી કરમણભાઈ નાનુભાઈ ભરવાડ (કો-બોરોઅર) શ્રી વસંત ભરવાડ (કો-બોરોઅર) ૧૭૩૦૨૨-૬૨૬૨૪૫૯૦૫ | રૂા. ૫૦,૯૧,૧૨૭/- ૩૧ જાન્યુ., ૨૦૨૪ ના રોજ* | ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ | ૦૭ જૂન, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન | ડુપ્લેક્ષ-૧-૨, શ્યામ વિલા, સ. નં. ૭૦૪, ૭૦૫/૧, વાત્સલ્યકુંજ ની બાજુમાં, વીસેઝા-૫૧ પાસે, નારાયણવાડી રેસ્ટોરન્ટ પાછળ, અટલાદરા રોડ, વડોદરા-૩૯૦૦૧૨. |
| ૨ | શ્રી કલ્પેશ સુભાષ ગાયકવાડ (બોરોઅર) શ્રીમતી મયૂરી કલ્પેશ ગાયકવાડ (કો-બોરોઅર) ૧૭૩૦૨૪-૬૫૨૦૧૧૭૯૮ | રૂા. ૨૪,૩૫,૪૯૪/- ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ* | ૧૧ માર્ચ, ૨૦૨૪ | ૦૭ જૂન, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન | ફ્લેટ-૪૦૩, ચોથો માળ, સફલ આઈકોન ટાવર-ડી, સ. નં. ૨૫૨, સીએસ-૨૮૪, એફપી-૩૪/૧, બિલ્લાબોંગ સ્કૂલ પાછળ, બાલાજી પાર્ટી પ્લોટ પાસે, સૂર્યદર્શન ટાઉનશીપ સામે, વડસર, વડોદરા-૩૯૦૦૧૦. |
| ૩ | શ્રી દિર્ગેશ મહેશકુમાર બોચારે (બોરોઅર) શ્રીમતી અહેર દીક્ષિતા (કો-બોરોઅર) ૧૭૩૯૬૬-૬૪૩૦૦૧૨૩૮ | રૂા. ૧૩,૮૮,૧૬૬/- ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ* | ૧૧ માર્ચ, ૨૦૨૪ | ૦૭ જૂન, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન | ફ્લેટ-૪, ગ્રાઉન્ડ ફ્લોર, સૂર્યા ફ્લેટ્સ, રે. સ. નં. ૪૯/પી, એફપી-૬૯૪, ૬૯૫/પી, ટીપી-૩, ભવાની કુંજ પાસે, પાણી ગેટની બહાર, રામવાટિકા અને મોહમ્મદ તલાવડી, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦૦૧૯. |
| ૪ | શ્રી દિલીપભાઈ ખંડેરાવ પવાર (બોરોઅર) શ્રી અંકિત પવાર (કો-બોરોઅર) શ્રીમતી અરૂણાબેન પવાર (કો-બોરોઅર) ૧૭૧૭૫૧-૬૨૭૬૫૦૬૯૪, ૬૨૯૧૯૫૩૬૩ અને ૬૬૦૬૭૮૧૭૮ | રૂા. ૨૦,૦૪,૬૨૦/-, રૂા. ૩૨,૯૩૫/- અને રૂા. ૩,૧૫,૬૧૩/- અનુક્રમે ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ* | ૧૧ માર્ચ, ૨૦૨૪ | ૦૭ જૂન, ૨૦૨૪ સિમ્બોલીક પઝેશન | હાઉસ નં.-૩૫, સાકેત ડુપ્લેક્ષ, રે. સ. ૨૫૦/૧/૨, ૨૫૧/૧, સીએસ-૧૭૬/૧/૨, બરાનપુરા પેટ્રોલ પંપ પાસે, બરાનપુરા, વડોદરા-૩૯૦૦૦૧. |

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના અધિકૃત અધિકારી/ઓ (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજૂર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સ) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયમાત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સ) / કાયદેસરના વારસદાર(રો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

તારીખ : ૧૦-૦૬-૨૦૨૪
સ્થળ : વડોદરા

વતી, એચડીએફસી બેન્ક લિ.
સહી/-
અધિકૃત અધિકારી

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.
CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com



इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

આજવા રોડ શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, દેવકી ચેમ્બર્સ, મહાવીર હોલ ચાર રસ્તા પાસે, આજવા રોડ, વડોદરા – ૩૯૦૦૧૯.

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ આજવા રોડ શાખા ના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ સાથે વાંચતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અતંર્ગત મળેલી સત્તાની રૂએ, તા.૧૮/૦૩/૨૦૨૪ના રોજ કરજદાર શ્રીમતી સિંધી પ્રવિણ સાજીદ અને શ્રી સાજીદ એહમદ સલીમ એહમદ સિંધી ને ડિમાન્ડ નોટીસ પાઠવી હતી. સદર નોટીસમાં દર્શાવેલી રકમ રૂા.૧૦,૩૦,૨૦૩/– (રૂપિયા દસ લાખ ત્રીસ હજાર બસો ત્રણ પુરા) અને નોટીસમાં દર્શાવેલ વ્યાજ સહિતની રકમ સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે ઉપરોકત કાયદાના સેકશન ૧૩(૪) રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતોનો સાંકેતિક કબજો તારીખ ૦૫/૦૬/૨૦૨૪ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે–વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેંક માટે બાકી પડતી રકમ રૂા.૧૦,૩૦,૨૦૩/– (રૂપિયા દસ લાખ ત્રીસ હજાર બસો ત્રણ પુરા) અને તેના પર વ્યાજ સહિતની બાકી રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

મિલકત જે મોજે : વડોદરા કસબા ચાકુટપુરા વિભાગ – એ, ટીકા નં. ૧૭/૫, સીટી સર્વે નં.૧૪/૧, જોડાયેલ રેવન્યુ સર્વે નં. ૮૩૯ પૈકી જોડાયેલ સીટી સર્વે નંર૫૯/૩૧,જેનું માપ ૪૭૦.૭૨.૫૦ ચો.મીટર્સ પૈકી ૩૬૭.૦૦ ચો.મી, કુલ ૬૪૧.૦૦ ચો.મી., એન.બી. કોમ્પલેક્ષ, ફ્લેટ નં. ૪૧૨, ચોથો માળ, જેનો બીલ્ટપ વિસ્તાર ૩૮.૪૨ ચો.મી., જેનો અવિભાજય હિસ્સાની જમીન ૧૧.૨૪ ચો.મીટર અને અવિભાજય પાર્કીગનું માપ ૩.૯૯ ચો.મીટર્સ જેનું રજીસ્ટ્રેશન જીલ્લા અને સબ જીલ્લા વડોદરામાં જણાવેલ (૧) શ્રીમતી સિંધી પ્રવિણ સાજીદ (૨) શ્રી સાજીદ એહમદ સલીમ એહમદ સિંધી ના નામે છે. જેની ચતુઃદિશા : પુર્વે : માર્જીનને લાગુ પડેલ રસ્તાની પાછળ અને એપાર્ટમેન્ટનો ગેટ, પશ્ચિમે : એપાર્ટમેન્ટ રાહમની ગલીથી માર્જીનની પાછળ, ઉત્તરે : માર્જીનને લાગુ પડેલ રસ્તાની પાછળ, દક્ષિણે : માર્જીનને લાગુ પડેલ રસ્તાની પાછળ.

તારીખ : ૦૫/૦૬/૨૦૨૪
સ્થળ : વડોદરા.

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક, વડોદરા.



इंडियन बैंक Indian Bank
इलाहाबाद ALLAHABAD

આજવા રોડ શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, દેવકી ચેમ્બર્સ, મહાવીર હોલ ચાર રસ્તા પાસે, આજવા રોડ, વડોદરા – ૩૯૦૦૧૯.

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી, અમો નીચે સહી કરનારા, સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ અને એન્ફોર્સમેન્ટ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની જોગવાઈ હેઠળ આજવા રોડ શાખા ના અધિકૃત અધિકારી છીએ અને મજકુર કાયદાના સેકશન ૧૩(૧૨) નિયમ ૩ સાથે વાંચતા અને સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ ૨૦૦૨ અતંર્ગત મળેલી સત્તાની રૂએ, તા.૧૮/૦૩/૨૦૨૪ના રોજ કરજદાર શ્રીમતી દલવાડી શકુંતલાબેન અરવિંદભાઈ અને શ્રી દલવાડી અરવિંદભાઈ જેઠાભાઈ ને ડિમાન્ડ નોટીસ પાઠવી હતી. સદર નોટીસમાં દર્શાવેલી રકમ રૂા.૧૬,૧૩,૩૩૧/– (રૂપિયા સોળ લાખ તેર હજાર ત્રણસો એકત્રીસ પુરા) અને નોટીસમાં દર્શાવેલ વ્યાજ સહિતની રકમ સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

કરજદાર નાણાં ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોઈ, કરજદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે ઉપરોકત કાયદાના સેકશન ૧૩(૪) રૂલ્સ ૮ સાથે વંચાણે લઈને, મળતાં અધિકારની રૂએ, બેંકના અધિકૃત અધિકારીએ નીચે દર્શાવેલ સ્થાવર મિલકતોનો સાંકેતિક કબજો તારીખ ૦૫/૦૬/૨૦૨૪ ના રોજ સંભાળી લીધેલ છે.

આથી ખાસ કરીને કરજદાર તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે, કે તે મિલ્કતો ઉપર કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહિ કે લે–વેચ કરવી નહિ કે હસ્તાંતર કરવો નહિ તથા જો એવું કરવામાં આવશે તો તે ઈંડિયન બેંક માટે બાકી પડતી રકમ રૂા.૧૬,૧૩,૩૩૧.૦૦ (રૂપિયા સોળ લાખ તેર હજાર ત્રણસો એકત્રીસ પુરા)અને તેના પર વ્યાજ સહિતની બાકી રકમના બોજાને આધિન રહેશે.

અહી કરજદારનું ધ્યાન આકૃષ્ટ કરવામાં આવે છે, કે જણાવેલ સમય મર્યાદામાં સેકશન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતોને બાકી લેણા ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતનું વર્ણન

રે.સ.નં. ૩૬૫ પૈકી, શીટ નં.૪૦, ચલતા નં.૩૪૩, સીટી સર્વે નં.૧૪૫૭ પૈકી, જણાવેલ ''શરદનગર સોસાયટી''નામે ઓળખાતી સ્કીમની જમીનમાં આવેલ ઘર નં.૧૩૭૩ પ્લોટ વિસ્તારનું માપ ૩૮.૫૭ ચો.મીટર્સ, જે સીટી સર્વે રેકોર્ડ મુજબ અને સામેની તરફ ખુલ્લી જગ્યાનો વિસ્તારનું માપ ૧૧.૭૭ ચો.મીટર્સ, કુલ વિસ્તાર ૫૦.૩૪ ચો.મીટર્સ, જે જણાવેલ બીલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ બાંધકામના વિસ્તારનું માપ ૨૭.૪૮૦ ચો.મીટર્સ અને પહેલે માળે આવેલ એક રૂમ, બાલ્કની વિસ્તારનું માપ ૧૬.૫૦ ચો.મી., કુલ બાંધકામનું માપ ૪૩.૯૩ ચો.મીટર્સ, જે ''શરદનગર સોસાયટી'', મોજે : તરસાળી, તહેસીલ અને જીલ્લો : વડોદરા, જે મિલકત શ્રીમતી દલવાડી શકુંતલાબેન અરવિંદભાઈ અને શ્રી દલવાડી અરવિંદભાઈ જેઠાભાઈના નામે છે. જેની ચતુઃદિશા : પૂર્વે : સોસાયટીનું ઘર, પશ્ચિમે : રસ્તો, ઉત્તરે : ઘર નં.૧૩૭૨, દક્ષિણે : ઘર નં.૧૩૭૪.

તારીખ : ૦૫/૦૬/૨૦૨૪
સ્થળ : વડોદરા.

અધિકૃત અધિકારી,
ઈંડિયન બેંક, વડોદરા.